# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat

નં.કેસીજી/૨૦૧૭-૧૮/ 1370.
તા:૨૬/૦૫/૨૦૧૭

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટીઓ,
ગુજરાત રાજ્ય

વિષય: "ગ્રાન્ડ એજ્યુકેશન ફેર"માં વિદ્યાર્થીઓ / વાલીઓને હાજર રાખવા અંગે

શ્રીમાન,

વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે વિવિધ તકો મળી રહે તથા શિક્ષણના અનેક ક્ષેત્રોમાંથી પોતાની પસંદગી મુજબ યોગ્ય પસંદગી તેઓને મળી શકે તથા વિદ્યાર્થીને અને વાલીઓને શિક્ષણ સબંધી કોઈ મૂંઝવણ કે સમસ્યા હોય તો તેનો એક જ જગ્યાથી ઉકેલ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે ગુજરાત સરકાર દ્વારા કેસીજી અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા.૧૪, ૧૫ અને ૧૬ જૂન -૨૦૧૭ દરમિયાન ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનું આયોજન ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટર અને ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

આ ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં વિદ્યાર્થીઓને અને વાલીઓને વિવિધ કોલેજ, યુનિવર્સિટીઓ, વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ, તેમાં ઉપલબ્ધ વિવિધ કોર્ષ, પ્રવેશ પ્રક્રિયા, ફીનું ધોરણ વગેરે અંગેની માહિતી એક જ સ્થળેથી મળી રહેશે. તેઓ યુનિવર્સિટી અને કોલેજના પ્રતિનિધિ સાથે સીધી વાતચીત કરી અને માર્ગદર્શન મેળવી શકશે તથા રોજગાર અંગેની પણ માહિતી મેળવી શકશે.

આ એજ્યુકેશન ફેરમાં રાજ્યમાં આવેલી ૬૦થી વધુ યુનિવર્સિટીઓ, ૧૫૦થી વધુ કોલેજો અને ૧૦ જેટલી વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ ભાગ લેનાર છે. એજ્યુકેશન ફેરની સાથે વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતર માટે વિવિધ વિષયો પર સેમિનારનું પણ આયોજન કરવામાં આવેલ છે જે માટે વિદ્યાર્થીઓને http://www.educationfairgujarat.org વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા રાખેલ છે. ઉક્ત ગ્રાન્ડ એજ્યુકેશન ફેર અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંપર્કનો લાભ વધુમાં વધુ વિદ્યાર્થીઓ લઇ શકે તે માટે કમિશનરશ્રી, હાયર અને ટેકનિકલ એજ્યુકેશનના આદેશ અનુસાર દરેક યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓને ફેર અને શૈક્ષણિક સંસ્થાઓના સ્ટોલની વિઝીટ માટે હાજર રાખવાની જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી છે. આપની યુનિવર્સિટીમાંથી ગ્રાન્ડ એજ્યુકેશન ફેર અને સેમિનારમાં આવનાર વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા નોડલ ઓફિસરની માહિતી તથા તેઓની આવવા-જવાની વિગતવાર રૂપરેખા snehashahkcg@gmail.com પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

Email
Academic
Circulate on web.
29/5
Aca

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૪૦૬૬
29 MAY 2017
એડીએમ-૩ શાખા

પ્રો. એ. યુ. પટેલ,
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

નકલ રવાના:

૧. અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૨. કમિશનરશ્રી (ઉચ્ચ શિક્ષણ), ગાંધીનગર
૩. કમિશનરશ્રી (ટેકનિકલ શિક્ષણ), ગાંધીનગર
~~૪. શ્રી.નિકુંજ જાની, ઉપસચિવ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર~~

29/5

એકેડેમિક શાખા
કુલસચિવશ્રીની કચેરી
ન. કૃ. યુ. નવસારી.
આવક નંબર 274
તારીખ 30/5/17

**Pragna Puram,** Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.
Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in